જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૦૭/૧૨/૨૦૨૨ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૨૧૮૪/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૬/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૬૩,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૮૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૧૨૯ લીટર દેશી દારૂ, ૯ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૫ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૩૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૮૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ** **સમાચાર યાદી નં.૨૧૮૭/૨૦૨૨**

**નિકોલઃ** હેમલભાઇ કીરીટકુમાર ઓઝા (રહે.કર્ણાવતી બંગ્લોઝ હરી દર્શન બંગ્લોઝ સામે શેલ્બી હોસ્પીટલ પાછળ નિકોલ નરોડા રોડ નિકોલ) એ તા.૦૬/૧૨/૨૦૨૨ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૨/૨૦૨૨ બપોરના ૧૨/૦૦ થી તા.૦૬/૧૨/૨૦૨૨ રાતના ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૬૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.ડી.જાટ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૮૮/૨૦૨૨**

**રામોલઃ** ધર્મેશ રાધેશ્યામ શર્મા (રહે. હરભોળાનાથ પાર્ક સોસાયટી નેશનલ હાઈ-વે નંબર-૮ પાસે રામોલ) એ તા.૦૬/૧૨/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગે રામોલ સી.ટી.એમ.ચાર રસ્તા પાસે નિધિ બેન્કની બાજુમાં શ્રી શાંતિ ટ્રેડર્સ નામની દુકાન સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૧,૭૦,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજ હતા. આ અંગેની ફરીયાદ ધર્મેશ શર્માએ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૮૯/૨૦૨૨**

**કારંજઃ** કુસુમલતા નિતિન કટારીયા (ઉ.વ.૨૬) (રહે. મયુરી ફ્લેટ નોવેલ્ટી સીનેમા પાસે ધીકાંટા મેટ્રો કોર્ટ સામે ધીકાંટા) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૨/૨૦૨૨ કલાક ૧૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કારંજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી “સી” ડિવિઝન ચલાવે છે.

**અમરાઇવાડીઃ** અમરાઇવાડી ગેટ નંબર-૪ પાસે રબારી કોલોની ખાતે રહેતા અને છુટક મજુરી કરતા શિવલાલ લક્ષ્મણભાઇ કટારા (ઉ.વ.૨૫) (મુળ વતન. ગામ.નેંગાલા તા.પોહરી ખાતુરાત જીલ્લો.ડુંગરપુર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૨/૨૦૨૨ રાતના ૯/૨૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે છતમાં લગાવેલ લોખંડના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ છનાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી